# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 16-03-2026 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## શિવાલિક જહાજ મુન્દ્રા પહોચ્યું :

અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધના સંઘર્ષની વચ્ચે ભારત માટે રાહતના સમાચાર આવ્યા છે. કતારથી ૪૬,000 મેટ્રિક ટન LPGનો જથ્થો લઈને માલવાહક જહાજ 'શિવાલિક' આજે મુન્દ્રા પોર્ટ પર સુરક્ષિત રીતે પહોંચી ગયું છે. આ જથ્થો અંદાજે ૩૨.૪ લાખ ઘરેલુ ગેસ સિલિન્ડર ભરવા માટે પૂરતો છે. આ જહાજ 14 માર્ચના રોજ હોર્મુઝની સામુદ્રધુની પાર કરીને ભારત તરફ રવાના થયું હતું. મિડલ-ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે ભારત પહોંચનારું આ પ્રથમ LPG જહાજ છે.

શિપિંગ મંત્રાલયના જણાવ્યા મુજબ, હજુ વધુ બે જહાજો ભારત તરફ આવી રહ્યા છે. જેમાં 'નંદા દેવી' ૪૬,000 ટન LPG લઇને કંડલા પોર્ટ પહોંચશે અને 'જગ લાડકી' ૮૧,000 ટન ક્રૂડ ઓઈલ લઈને આવતીકાલે મુન્દ્રા પોર્ટ પહોંચે તેવી શક્યતા છે.

---------------------------------------------------------------------------------------

## ફેમિલી કોર્ટમાં કેસનો નિકાલ :

ભુજની પ્રિન્સિપાલ જજ, ફેમિલી કોર્ટ ખાતે ગુજરાત હાઈકોર્ટ તથા જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ રાષ્ટ્રીય લોકઅદાલત યોજવામાં આવી હતી. પ્રિન્સિપાલ જજ બી.જી. ગોલાણીની રાહબરી હેઠળ યોજાયેલી રાષ્ટ્રીય લોકઅદાલતમાં ફેમિલી કોર્ટના કેસોનો મોટાપાયે નિકાલ કરાયો હતો. ફેમિલી કોર્ટમાં ૧૨૫ કેસ મૂકાયા હતા, જેમાં લગ્ન વિષયક ૩૯માંથી ૪ અને ભરણપોષણની ૧૨૧ અરજીઓમાંથી ૫૦ કેસ ઉકેલાયા હતા. ખાસ કરીને ૮ દંપતીઓએ સમાધાન કરી સાથે રહેવા સંમતિ દર્શાવી હતી. અન્ય ન્યાયિક ક્ષેત્રોમાં ગાંધીધામ-

ભચાઉમાં ૪૬ અને મુંદરા-નખત્રાણામાં ૪૪ કેસનો નિકાલ થયો હતો. આમ, સમગ્ર જિલ્લામાં કુલ ૧૪૦ કેસોનું સુખદ સમાધાન આવ્યું હતું.

---

## પક્ષીઓની ગણતરી :

વેટલેન્ડ ઇન્ટરનેશનલના માર્ગદર્શન હેઠળ 'પેલિકન નેચર ક્લબ' દ્વારા ભુજ, માંડવી અને અંજાર તાલુકાના ૧૫ સ્થળોએ જળચર પક્ષીઓની ગણતરી કરવામાં આવી હતી. આ સર્વેક્ષણમાં ૮૦ પ્રજાતિના અંદાજે ૮૦૦૦ પક્ષીઓ નોંધાયા હતા, જેમાં અડધોઅડધ યાયાવર પક્ષીઓ નોંધાયા છે. માંડવીમાં ૩૦૦૦ ધોમડા અને ૨૦૦૦ કરકરા પક્ષીઓ જોવા મળ્યા હતા. વિશિષ્ટ પક્ષીઓમાં દરિયાઈ અબલખ, ઊલટી ચાંચ તુતવારી અને ભયગ્રસ્ત કાબરી રામચકલીનો સમાવેશ થાય છે.

---

## હવામાન :

પશ્ચિમી વિક્ષોભની અસરથી કચ્છ સહિત રાજ્યનાં વાતાવરણમાં પલટો આવશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે. મહત્તમ પારો ગગડતાં તાપમાં રાહત મળશે, તો 19મીથી 20મી સુધી ગાજવીજ સાથે કમોસમી વરસાદના વર્તારાએ ખેડૂતોમાં ઉચાટ સર્જ્યો છે. રવિવારે સામાન્ય ઉતાર-ચડાવ વચ્ચે તાપનો પ્રભાવ યથાવત્ રહ્યો હતો. હવામાન વિભાગે કરેલી આગાહીમાં જણાવ્યાનુસાર, મહત્તમ પારો ગગડતાં તાપથી રાહત મળશે અને બુધવારથી શુક્રવાર દરમિયાન કચ્છના કેટલાક વિસ્તારમાં પવન-ગાજવીજ સાથે કમોસમી વરસાદ વરસે તેવી સંભાવના દેખાડાઇ છે. જો કમોસમી વરસાદ પડે તો વિવિધ ખેતીપાકોની સાથે કિંમતી કેરીના ફાલને મોટી નુકસાની થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી છે.

આજે લઘુત્તમ તાપમાનની વાત કરીએ તો, 16.4 ડિગ્રી તાપમાન સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડુ મથક બન્યું હતું. જ્યારે ભુજમાં લઘુત્તમ તાપમાન 20 ડિગ્રી તાપમાન નોંધાયું છે.

બપોરના સમયે ગરમીનો અહેસાસ થાય છે જ્યારે મોડી રાતથી વહેલી સવાર સુધી વાતાવરણમાં ગુલાબી ઠંડી અનુભવાય છે.

---

## ભુજમાં નવરાત્રીની તૈયારી :

ચૈત્રી નવરાત્રિ પૂર્વે ભુજના આશાપુરા મંદિરે સ્વચ્છતા અને શણગારની કારસેવા સાથે ઉજવણીનો ધમધમાટ શરૂ થયો છે. આગામી ૧૮ માર્ચે સાંજે ૬:૧૫ કલાકે ઘટસ્થાપન કરવામાં આવશે. ત્રણ પેઢીથી સેવા આપતા સોની પરિવાર દ્વારા ચાંદીના દરવાજા અને આભૂષણોને દેશી પદ્ધતિથી ચમકાવવામાં આવ્યા છે. નવરાત્રિ દરમિયાન ૧૯ થી ૨૭ માર્ચ સુધી દરરોજ રાત્રે ૮ કલાકે રાસ-ગરબા અને ૨૨ માર્ચે બેઠા ગરબા યોજાશે. મહારાણી પ્રીતિદેવી ૨૦ માર્ચે પૂજા-દર્શન કરશે, જ્યારે ૨૫ માર્ચે હવન સાથે નવરાત્રિની પૂર્ણાહુતિ થશે.

---

## ભચાઉમાં તુવેરદાળની ખરીદીનો પ્રારંભ :

ભચાઉ એપીએમસી ખાતે પ્રતિ કિલો 80 રૂપિયાના ભાવે તુવેર દાળની ખરીદીનો પ્રારંભ  કરવામાં આવ્યો છે. ગાંધીનગર ગુજકોમાસોલ વતી અબડાસા ફાર્મર પ્રોડ્યુસર કંપની દ્વારા કેન્દ્ર શરૂ કરવામાં આવતા ભચાઉ તાલુકાના 266 ખેડૂત ને હવે ભુજ સુધી ધક્કા ખાવા નહીં પડે અને ઘર આંગણે લાભ મળશે. એપીએમસીના સાથ-સહકારથી શરૂ થયેલા આ કેન્દ્રને પગલે ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી છે.

---

## કચ્છમાં રક્ત એકત્ર :

અદાણી સંચાલિત ગેઇમ્સ જી. કે. જનરલ હોસ્પિટલના બ્લડ બેંક મારફતે ફેબ્રુઆરી માસમાં 948 બોટલ રક્ત એકત્ર કરાયું હતું. જે પૈકી 604 બોટલ રક્ત જિલ્લામાં વિવિધ વિસ્તારોમાં યોજાયેલા કેમ્પ દ્વારા તથા 344 બોટલ રક્ત હોસ્પિટલના કેન્દ્ર દ્વારા એકત્ર કરાયું

હતું.  ગત માસમાં યોજાયેલા 10 કેમ્પ પૈકી રાપર ખાતે ધારાસભ્ય વીરેન્દ્રસિંહ જાડેજાના જન્મદિન પ્રસંગે 166 બોટલ રક્ત એકત્રિત કરાયું હતું.

---------------------------------------------------------------------------------

## લોહાણા મહાજન દ્વારા બાઈક રેલી :

ભુજ લોહાણા મહાજન દ્વારા આગામી 20 માર્ચના દરિયાલાલ જન્મજ્યંતિની ઉજવણી પૂર્વે ગઇકાલે બાઇક રેલી યોજવામાં આવી હતી. રવાણી ફળીયા સ્થિત જલારામ મંદિરથી નિકળેલી બાઇક રેલી શહેરના મુખ્ય માર્ગો પર ફરીને દરિયાસ્થાન મંદિર ચોક ખાતે પુર્ણ થઇ હતી. બાઇક રેલીમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો પીળી ધ્વજા લઇ બાઇક સ્કૂટર સાથે જોડાયા હતા.

---------------------------------------------------------------------------------